# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૮ • ૧૫ જુલાઈ ૨૦૨૩ • પાનાં : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## સ્વ. શ્રી હીરાબહેન માનભાઈ ભટ્ટ મહિલા ઉત્કર્ષ સમારોહ




શિશુવિહાર સંસ્થાનાં સ્થાપક સભ્ય અને સંસ્થાની અનેકવિધ મહિલા સશક્તિકરણ પ્રવૃત્તિનાં પ્રેરણાસ્રોત શ્રી હીરાબહેન ભટ્ટની સ્મૃતિમાં ૨૩મો મહિલા ઉત્કર્ષ સમારોહ તારીખ ૨૨એ સંસ્થા પ્રાંગણમાં યોજાઈ ગયો. ગુજરાતના જાણીતા ચિંતક, લેખક, શિક્ષણવિદ્ તેમજ લોકભારતી યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાનીની અધ્યક્ષતામાં યોજાયેલ સમારોહમાં જિલ્લાની નઈ તાલીમ વિચારસરણી સાથે જોડાયેલ ૧૦ શાળાઓની ૨૦૦ વિદ્યાર્થિનીઓને રૂ.૬ લાખની શૈક્ષણિક સહાય આપવામાં આવી.

સર્વોદય સરસ્વતી મંદિરની બહેનોની પ્રાર્થનાથી પ્રારંભાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત તથા ધોરણ ૧૦-૧૨, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ કોઈ તેજસ્વી દીકરી આર્થિક કારણોસર શિક્ષણની મુખ્ય ધારામાંથી બહાર ન રહી જાય તેવા સંસ્થાગત હેતુથી પ્રારંભાયેલ અને છેલ્લા ૨૩ વર્ષમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને પહોંચાડવામાં આવેલ રૂ.૬૧ લાખની માતબર શૈક્ષણિક સહાયનો અહેવાલ સંસ્થાનાં મંત્રી ડૉ. નાનકભાઈએ આપ્યો હતો.

આ ઉપક્રમે દાતાશ્રી વંદનાબહેન અને મૂકેશભાઈ ભટ્ટ તરફથી મંચસ્થ મહાનુભાવોએ વિનય વિહાર કેળવણી સહાય મંડળ-વાલુકડ, લોક કલ્યાણ વિદ્યાલય-માઈધાર, લોક સેવક સંઘ-થોરડી, લોકનિકેતન ટ્રસ્ટ-બેલા, ગ્રામ દક્ષિણામૂતિ-મણાર, કન્યા વિદ્યાલય-વળાવડ, સર્વોદય સરસ્વતી મંદિર - બાબાપુર, ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા - આંબલા, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ -સણોસરા, લોકશાળા - ખડસલી શાળાની ૨૦૦ બહેનોને પ્રત્યેકને રૂ.૩૦૦૦/-ની શૈક્ષણિક સહાયનું વિતરણ કર્યુ હતું. સવિશેષ મંચસ્થ મહાનુભાવોનાં વરદ હસ્તે દાતાશ્રીનું અભિવાદન કરાયું હતું.



શિશુવિહાર સંસ્થાનાં પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે તેમજ ભાવનગરના શહેર ધારાસભ્ય શ્રી સેજલબહેન પંડયાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાયેલ સમારોહમાં ડૉ. ભદ્રાયુભાઈએ બહેનો શિક્ષિત બને તેમજ પોતાની આવડતથી સ્વનિર્ભર રહે તે માટેના શિશુવિહારનાં પ્રયત્નોને બિરદાવતા નઈ તાલીમની શાળા વ્યવસ્થામાં છાત્રવાસની સુવિધાને સમયાનુસાર બદલવા અપીલ કરી હતી.



તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736

આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાનાં સહમંત્રી શ્રી ઈન્દાબહેન ભટ્ટનાં ૮૫માં જન્મદિવસે વિશેષ શુભેચ્છા પાઠવતા શ્રી જતીનભાઈ ભટ્ટે શ્રી હીરાબહેનની સંઘર્ષમય વિકાસ યાત્રાનાં પ્રેરણાદાયી પ્રસંગો ઉપસ્થિત વિદ્યાર્થિની પાસે મૂક્યાં હતાં. ડૉ. નેહલભાઈ ત્રિવેદીના સંકલન સાથે યોજાયેલ કાર્યક્રમમાં કન્યા કેળવણી વળાવડનાં સંચાલક શ્રી અમિનભાઈ ચૌહાણે આભાર વ્યક્ત કર્યો હતો. સ્વરુચિ ભોજન અને સંસ્થા દર્શન સાથે સંપન્ન થયેલ કાર્યક્રમનું સંકલન શ્રી હીનાબહેન ભટ્ટે કર્યુ હતું.

## શહેરનાં મેયરશ્રીનાં વરદ્ હસ્તે આંગણવાડી તાલીમનાં પ્રોત્સાહકોનું અભિવાદન



શહેરની ૩૧૬ આંગણવાડીનાં ૬૦૦૦થી વધુ ભૂલકાંઓને જીવન શિક્ષણ સાથે જોડવા પ્રતિબદ્ધ  શિશુવિહાર સંસ્થાનાં ઉપક્રમે આંગણવાડી કાર્યકરોનું સંમેલન યોજાયું હતું.

તા. ૯ જૂને શહેરના મેયરશ્રી કીર્તિબહેન દાણીધારિયા તથા શિક્ષણવિદ્ ડૉ. નલિનભાઈ પંડિતની અધ્યક્ષતામાં યોજાયેલ તાલીમી નિદર્શન કાર્યક્રમમાં શહેર આંગણવાડી બાળકો દ્વારા શિશુવિહારથી પ્રારંભાયેલ આંગણવાડી તાલીમનાં નિદર્શન રૂપે પ્રાર્થના, અભિનય ગીત અને ક્રાફ્ટ પ્રવૃત્તિ પ્રદર્શિત કરી હતી.








આ પ્રસંગે પરીખ ફાઉન્ડેશનના સી.એસ. આર. સંચાલક શ્રી ભવ્યભાઈ શાહ તથા પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રવૃત્તિના દાતા શ્રી નિલેશભાઈ સૂચકનું વિશેષ અભિવાદન માનનીય મેયરશ્રીનાં વરદ હસ્તે થયું હતું. શિશુવિહાર સંસ્થા પરિસરમાં સતત ૧૨માં વર્ષે યોજાતા અને વર્ષભર ચાલનાર તાલીમ કાર્યક્રમનાં સંકલનમાં વિભાગીય અધિકારી શ્રી શારદાગૌરી દેસાઈ તેમજ શ્રી પ્રીતીબહેન ભટ્ટ સહભાગી થયાં હતાં.

## રાજસ્થાન હાઈકોર્ટ જજ તથા ભાવનગર યુવરાજ જયવીરરાજસિંહ દ્વારા ગ્રીષ્મ તાલીમાર્થીઓનું અભિવાદન




મહારાજા કૃષ્ણકુમારસિંહજીને બાળ વયે તાલીમ આપવા માટે વર્ષ ૧૯૨૩માં સ્થપાયેલ સ્કાઉટ-ગાઈડ પ્રવૃત્તિનાં શતાબ્દી વર્ષ પ્રસંગે શિશુવિહારમાં જિલ્લા સ્તરીય તાલીમ કાર્યક્રમ તા.૧૧ જૂને યોજાઈ ગયો. રાજસ્થાન-ઓરિસ્સાના નિવૃત્ત જજ તથા ભાવનગર યુવરાજસિંહજીની પ્રેરક

ઉપસ્થિતિમાં યોજાયેલ સમારોહમાં વેકેશન દરમિયાન ભાવનગરનાં વિવિધ ક્રીડાંગણોમાં અપાયેલ જીવનશિક્ષણ અને રમત ગમત તાલીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ૭૭૧ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ તથા ૨૫ તજજ્ઞોને રોકડ રકમથી પુરસ્કૃત કરવામાં આવેલ.






આ પ્રસંગે ભાવનગર યુવરાજ શ્રી જયવીરરાજસિંહજી દ્વારા શિક્ષણમાં ક્રીડાંગણની અનિવાર્યતા વિષયે વાત કરતા જણાવાયું કે ભાવનગર રાજ્યની પરંપરા સમગ્ર ગુજરાત માટે પ્રેરક બને છે. જસ્ટીસ ઝવેરી સાહેબે શિક્ષણમાં સ્કાઉટિંગ પ્રવૃત્તિની અનિવાર્યતા દર્શાવી પ્રત્યેક શાળામાં સ્કાઉટ ગાઈડ તાલીમ શરૂ કરવા તેમજ દરેક ઘરમાં એક સ્કાઉટ ગાઈડ બાળક હોવો જ જોઈએ તેવી લાગણી વ્યક્ત કરી હતી.







ઉર આશા ઝવેરી ફાઉન્ડેશનનાં સહયોગથી શિશુવિહાર પ્રાંગણમાં સંપન્ન થયેલ ૮૫માં ગ્રીષ્મ તાલીમ વર્ગના સમાપન સમારોહનું આભાર દર્શન જિલ્લા સંઘના કમિશનર શ્રી જયેશભાઈ દવેએ કર્યુ હતું.



## નગરપાલિકામાં ભણતાં ૧૭૦૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ કીટનું વિતરણ



ભાવનગરની સેવાભાવી સંસ્થા શિશુવિહારનાં ઉપક્રમે સતત ૧૩મા વર્ષે ૧૭૦૦ ગરીબ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, ૫ નોટબુક, કંપાસ સેટ તેમજ વોટર બોટલ સાથે શૂઝનું વિતરણ કરાયું છે.

શિક્ષકોનાં સામાજિક ઉત્તરદાયિત્વ કાર્યક્રમ અંતર્ગત દાતા શ્રી બાબુલભાઈ વ્હોરા, શ્રી અપૂર્વભાઈ ખીમચંદભાઈ ઠક્કર, શ્રી દિનેશભાઈ એ. શાહ, શ્રી ભરતભાઈ જે. કોઠારી, સ્વ.વિજ્યાબહેન બલદેવભાઈ પરમાર, શ્રી વી.એમ.શાહ તથા શ્રી શાંતાબહેન વી. શાહ, શ્રી ભાગ્યવંતીદેવી પૂખરાજજી મહેતાનાં આર્થિક સહયોગથી નગરપાલિકાના શાળા શિક્ષકો દ્વારા પસંદ કરેલ મા અથવા પિતાના સહકાર વિના શિક્ષણ લેતા બાળકોને પ્રાથમિક રીતે સાધન સહાય પહોંચાડવામાં આવી.

નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ અને વિભાગના સહકારથી પ્રતિવર્ષ યોજાતા કાર્યક્રમનાં બીજા ચરણમાં શિક્ષકો સાથે તેમની સામાજિક જવાબદારી વિષયે વાર્તાલાપ યોજવામાં આવશે અને શ્રમિક બાળક શિક્ષણની મુખ્યધારામાંથી બહાર ન આવે તે માટે શિક્ષકો પણ પ્રોત્સાહન આપનાર બનશે. નગરપાલિકાની શાળાનાં શિક્ષકો તથા શિશુવિહાર સંસ્થાનાં આ પ્રયત્નોની અસરકારતા ભુજ, સુરત, રાજકોટ, વડોદરા જિલ્લામાં વિસ્તરી છે, જે નોંધનીય બને છે.

## સર્જનાત્મક પ્રવૃત્તિ કાર્યશાળા-વર્ષ ૧૨




પૃથ્વી ઉપર વસતાં માનવ સમુદાય દ્વારા કાર્બન અને હાઈડ્રોજનનાં મિશ્રણથી વિકસાવેલ પોલીમર જે આપણે પ્લાસ્ટિક તરીકે જાણીયે છીએ. તેવા રાસાયણિક ગુણધર્મો ધરાવતા અને વારંવાર ઉપયોગમાં લઈ શકાતા એચ.ડી.પી.નાં વ્યાપક સ્વીકારથી આજે ભારતમાં રોજ ૧૪૯ ટન (લગભગ ત્રણ હાથી) નાં વજનનો પ્લાસ્ટિક વેસ્ટ કચરામાં જાય છે. ૧૦૦ વર્ષ સુધી નાશ ન થનાર પ્લાસ્ટિક કચરાને બાળવાથી હવામાં કાર્બન વિસ્તરે છે અને આથી જ નવી પેઢી પાસે પ્લાસ્ટિક વેસ્ટનાં સર્જનાત્મક ઉપયોગનો વિચાર મૂકવા માટે એક કાર્યશાળા ૨૨ જૂને શિશુવિહાર પરિસરમાં યોજાઈ.

નઈ તાલીમ વિચાર સાથે જોડાયેલ ૧૦ શાળાઓની ૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ પ્રદર્શનમાં ભાવનગર યુનિવર્સિટીનાં મરીન સાયન્સ વિભાગનાં અધ્યક્ષ ડૉ. ઈન્દ્રસિંહ ગઢવી તથા ડૉ. તેજસ દોશીએ ઉપસ્થિત રહી પ્લાસ્ટિકનાં અતિ વપરાશ અંગે વિદ્યાર્થીઓને સાવચેત રહેવા માર્ગદર્શન આપ્યુ હતું.

શ્રી હીરાબહેન ભટ્ટ સર્જનાત્મક પ્રવૃત્તિ કાર્યશાળા અંતર્ગત સંસ્થા પરિસરમાં યોજાયેલ ૧૨મા કાર્યક્રમમાં બહેનોએ વેસ્ટ પ્લાસ્ટિકનાં ૬૨થી વધુ ક્રિએટીવ ઉપયોગનું નિદર્શન કર્યું હતું. જેમાંથી ઉત્તમ કાર્ય કરનાર શાળા લોક કલ્યાણ વિદ્યાલય -માઈધાર , કન્યા વિદ્યાલય - વળાવડ, લોકશાળા



-ખડસલીને મા. ધારાસભ્યશ્રી સેજલબહેન પંડયા દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સર્જનાત્મક પ્રવૃત્તિ વિષયે યોજાતી તાલીમ-૨૦૨૩નું સંકલન શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા થયું હતું.

### સ્વ. શ્રી હીરાબહેન ભટ્ટ સર્જનાત્મક પ્રવૃત્તિ કાર્યશાળાઃ ૨૦૧૦-૨૦૨૩

| પ્રવૃત્તિ વર્ષ | વિષય | મુખ્ય માર્ગદર્શક |
|---|---|---|
| 2010 | થર્મોકોલ કટિંગ | શ્રી ધનરાજભાઈ કોઠારી |
| 2011 | ભૌમિતિક ચિત્રો | શ્રી ભરતભાઈ પંડયા |
| 2012 | ફૂલ તોરણ | શ્રી મહિપતભાઈ પરમાર |
| 2013 | ફૂલદાની નિર્માણ | શ્રી અવનીબહેન ભટ્ટ |
| 2014 | હેગિંગ બાસ્કેટ | શ્રી સતિષભાઈ ત્રિવેદી |
| 2015 | ગણપતિ ચિત્રો | શ્રી રમેશભાઈ ગોહિલ |
| 2016 | રંગ આકૃતિ મિશ્રણ | શ્રી ભરતભાઈ માળી |
| 2017 | બ્યુટિ એસેસરી | શ્રી લતાબહેન શાહ |
| 2018 | ભાતીગળ ચિત્ર | ડૉ. અશોકભાઈ પટેલ |
| 2019 | હેન્ડ એમ્બ્રોડરી | શ્રી મોનાબહેન પંચાલ |
| 2020 | ઓરિગામી | શ્રી પ્રીતિબહેન ભટ્ટ |
| 2023 | પ્લાસ્ટિક વેસ્ટનો સર્જનાત્મક ઉપયોગ | ડૉ. ઈન્દ્રસિંહ ગઢવી |

## મોંઘીબહેન બધેકા શિશુવિહાર બાલમંદિરના ઉપક્રમે યોજાયેલ વાલી મીટીંગ




જૂન માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૭૯ રહી હતી. માસ દરમિયાન બાળકોને ક્રીડાંગણ , અંગ સ્વચ્છતા, હળવી કસરત, રમકડાં બતાવવા, બાળવાર્તા પ્રકારની કામગીરી સાથે સાંકળવામાં આવ્યા હતા. બાળવયથી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ

વિકસે તે હેતુસર માસ દરમિયાન કૃત્રિમ વરસાદ વરસાવવાનો પ્રયોગ થયો. માસમાં રમત-ગમતનાં સાધનોનું પ્રદર્શન યોજવામાં આવેલ.

દેવીન્દ્રાબહેન, જીતેન્દ્રભાઈ, ચંદ્રેશભાઈ, કુસુમબહેન, દીવાકરભાઈ, જયાબહેન, જયંતભાઈ, સુનિલભાઈ, અશોકભાઈ, પ્રવીણચંદ્ર દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૧૪ દાતાઓ દ્વારા પોષક આહાર પીરસવામાં આવેલ. એપ્રિલ માસ દરમિયાન પ્રાત:પ્રાર્થના સમયે ૪ બાળકોનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ.

તારીખ ૨૭ જૂને વાલી મીટિંગ યોજેલ, જેમાં ૭૪ વાલી હાજર રહેલ. આ ઉપક્રમે પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદી, શ્રી પરેશભાઈ પાઠકે ઉપસ્થિત વાલીઓને બાળ ઉછેરમાં વૈજ્ઞાનિકતા વિષયે પ્રેરણાત્મક વિચારો આપેલ, સાથો સાથ બાલમંદિરમાં બાળકોને નિયમિત મોકલવાની જરૂરી સૂચનાઓનું આદાન-પ્રદાન થયું હતું. કાર્યક્રમનું સંકલન શ્રી ઉષાબહેન રાઠોડ તથા કમલાબહેન બોરીચાએ કર્યુ હતું.

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• જયેષ્ઠ પૂર્ણિમા પ્રસંગે પર્યાવરણ રક્ષા સાથે જોડાયેલ વડ સાવિત્રી પર્વ પ્રસંગે શિશુવિહારમાં ૫૦ બહેનો દ્વારા પારંપારિક વૃક્ષ પૂજન થયું. છેલ્લા ૮૪ વર્ષથી ચાલી આવતી સાંસ્કૃતિક પરંપરાને જોશી પરિવારની ચોથી પેઢીના કાર્ય તરીકે અપનાવી શ્રી રાજુભાઈ જાનીએ (૩ જૂને) બહેનોને પારિવારિક જીવનના સંરક્ષણની શ્રદ્ધા સાથે વૃક્ષ પૂજન કરાવ્યું હતું.

• શ્રી કિરીટભાઈ તન્ના સંચાલિત સપ્તસુરી સંગીત ગ્રુપનો ૨૪મો કાર્યક્રમ તારીખ ૪ રવિવારે રંગમંચ પર પ્રસ્તુતિ પામ્યો. સંસ્થાનાં વાતાનુકૂલિત ૪૫૦ વ્યકિત માટેની બેઠક વ્યવસ્થા ધરાવતા સભાગૃહમાં ભાવનગરનાં વિવિધ ગાયકો દ્વારા લોકપ્રિય ગીતો પ્રસ્તુત થયા હતા, જેને માણવા માટે પૂરતી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

• શિશુવિહાર સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવેનો ૮૩મો જન્મદિવસ તારીખ ૬ જૂને સંસ્થા પરિવાર સાથે ઉજવાયો. સંસ્થાકીય વિશિષ્ટ





કાર્યક્રમોના આયોજન અને મૂલ્યાંકન બેઠક સાથે યોજાયેલ સમારોહમાં કાર્યકરોએ પોતાની સેવા ભાવનાને દઢ કરી હતી. ભોજન સાથે સંપન્ન થયેલ કાર્યક્રમમાં શ્રી રાજુભાઈએ સંસ્થા પરિવારને પ્રેરણાત્મક વિચારો આશીર્વાદરૂપે આપ્યા હતા.

• શાળા આરોગ્ય તથા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય મિશન અંતર્ગત જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા તા.૮ જૂને તાલુકાના ૪૦૦થી વધુ હેલ્થ ઓફિસરો માટેનો એક દિવસીય માર્ગદર્શન શિબિર યોજાઈ ગયો. જિલ્લા વિકાસ અધિકાશ્રીની ઉપસ્થિતિમાં તમામ કમ્યુનીટી હેલ્થ વર્કરોને શાળા પ્રવેશોત્સવ વિષયે વાકેફ કરાયા હતા.



• સ્વચ્છ ભાવનગર મિશન અંતર્ગત પ્રભુદાસ તળાવ વિસ્તારની વીર સાવરકર પ્રાથમિક શાળામાં શિશુવિહાર સંસ્થાનાં સહકાર સાથે આચાર્યશ્રી, શિક્ષકો, વાલીઓ અને બાળકો દ્વારા સમૂહ પ્રાર્થના, શ્રમ શકિત વિશે વાર્તાલાપ, સ્વચ્છતા શપથ ગ્રહણ, વૃક્ષારોપણ તથા શેરી સ્વચ્છતા અંગે નાગરિકને જાગૃત માટે રેલી યોજાઈ. આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાનાં કાર્યકરોએ શ્રમયજ્ઞમાં સહકાર આપી ૧૫૦ બાળકોને શીંગપુરીનો પ્રસાદ દ્વારા કાર્યક્રમની ઉજવણી કરી હતી.



• ભાવનગર સ્કાઉટિંગ પ્રવૃત્તિના શતાબ્દી વર્ષ નિમિત્તે ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા શિશુવિહારમાં ૧૧ જૂને એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ શિબિરમાં સ્કાઉટિંગના કૌશલ્ય ઉપરાંત ભારતીય જીવન પ્રણાલી અને સાંસ્કૃતિક મૂલ્યોની જાણકારી આપવામાં

આવી. સવારે ૮:૩૦એ ધ્વજવંદનથી પ્રારંભાયેલ કાર્યક્રમોમાં સહભાગી ૧૫૦ તાલીમાર્થીઓને શિશુવિહાર દ્વારા ચા-નાસ્તો અને ભોજનની સુવિધા આપવામાં આવેલ.

• વાસુકી કરાઓકે ગ્રુપનો જૂના હિન્દી ફિલ્મી ગીતોનો સંગીત કાર્યક્રમ તા. ૧૧ જૂને સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. શ્રી કીર્તિભાઈ સોલંકીના સંકલન હેઠળ યોજાયેલ હિન્દી ફિલ્મી ગીતોને માણવા ૨૫૦થી વધુ સંગીત પ્રેમીઓએ ઉપસ્થિત રહ્યા હતા.



• શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે બાળકોનો શાળા પ્રવેશ આનંદમય અને ભયમુક્ત બને તેવા આશયથી પ્રારંભાયેલ આંગણવાડી પ્રવેશોત્સવમાં શિશુવિહાર સંસ્થાનાં પ્રતિનિધિ શ્રી હીનાબહેન અને પ્રીતિબહેન ભટ્ટ સહભાગી થયાં હતાં. વડવા આંગણવાડી કેન્દ્રનાં ઉપક્રમે આસપાસના ૧૦ બાલમંદિરનાં કાર્યક્રમમાં પ્રવેશ મેળવનાર ૫૦ ભૂલકાંઓને સંસ્થા તરફથી નાસ્તો પણ આપવામાં આવેલ. ૧૨ જૂને યોજાયેલ પ્રવેશોત્સવ આનંદદાયી રહ્યો હતો.



• ભાવનગર પેન્શનર ઍસોસિએશનની સાધારણ સભામાં શિશુવિહાર સંસ્થાનું અભિવાદન થયું. ૧૨ જૂને યોજાયેલ સમારંભમાં ઉપસ્થિત ૬૦થી વધુ વયસ્ક નાગરિકોને ડૉ. નાનકભાઈ ભટ્ટે શિશુવિહાર સંસ્થાના સ્થાપક શ્રી માનભાઈ દ્વારા જનહિતાર્થે સ્થપાયેલ પ્રવૃત્તિનો પરિચય અપાયો હતો. આ ઉપક્રમે શહેર ધારાસભ્યશ્રી સેજલબહેન પંડયા દ્વારા ડૉ. નાનકભાઈનું વિશેષ સન્માન થયું હતું.

• સૂર સંગમ સંસ્થાનો ૭૧મો સપ્તસુરી સંધ્યા જૂનાં હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ ૧૮ જૂને સંસ્થા રંગમંચ પર પ્રસ્તુત થયો. શ્રી પ્રશાંતભાઈ



ભટ્ટના સંકલન તળે યોજાયેલ સંગીત કાર્યક્રમને માણવા ૩૫૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.



• લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનનાં ૧૨૦ એજન્ટ ભાઈ-બહેનોની બેઠક ૨૨ જૂને સંસ્થા પ્રાંગણમાં યોજાઈ. ભોજન બાદ મોડી સાંજે સંપન્ન થયેલ બેઠકમાં બ્રાન્ચ મેનેજરશ્રીએ સંબોધન કરેલ હતું.



• નહેરુ યુવા કેન્દ્ર, ભાવનગર તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે ૧૫ થી ૨૯ વર્ષના કલાકારો માટે યુવા ઉત્સવ સ્પર્ધા યોજાઈ. આ પ્રસંગે મહાનગરપાલિકાનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ સંસ્થા પરિસરમાં યોજાયો. તા.૨૪ જૂને જિલ્લા સ્તરના યુવક મહોત્સવમાં વક્તૃત્વ, ચિત્ર ફોટોગ્રાફી, સમૂહ નૃત્ય, કાવ્યલેખન પ્રકારની પાંચ સ્પર્ધાઓમાં ૩૦૦થી વધુ યુવકો જોડાયા હતા. જિલ્લા રમત-ગમત અધિકારી શ્રી નરેશભાઈ ગોહિલ તથા જિલ્લા યુવા અધિકારી શ્રી ભૂપેન્દ્રભાઈ ગીલ સંચાલિત કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં શહેર ધારાસભ્યશ્રી સેજલબહેન પંડયા ઉપસ્થિત રહ્યા હતા.

• જરૂરિયાતમંદ વિદ્યાર્થિઓ અને શ્રમિકો માટે સાધન સહાય પહોંચાડનાર શ્રી પ્રમોદભાઈ વોરા દ્વારા ૯૮મો સાયકલ વિતરણ કાર્યક્રમ ૨૫ જૂને યોજાયો. શ્રી ગિરીશભાઈ શેઠ અને મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ૨૮ જરૂરિયાતમંદોને સાધન સહાય પહોંચાડવામાં આવી હતી.

• નટરાજ કલા સંસ્થાનો ‘એક સાંજ આપની સાથે’ કેતન આવસત્થી પરિકલ્પના આધારિત ૧૪૭મો સંગીત કાર્યક્રમ અનમોલ નગ્મે ૨૫ જૂન સાંજે શિશુવિહાર રંગમંચ પર થયો. નટરાજ કલા સંસ્થાના કલાકારો ડૉ. વિજય સંપટ, ઋષિભાઈ પંડયા, પ્રવીણભાઈ વ્યાસ, અને મિત્રોએ ગીતોની પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમનું રસદર્શનન પિન્કી ભટ્ટ આવસત્થી દ્વારા થયું. વરસાદી માહોલ વચ્ચે પણ કાર્યક્રમને માણવા ૪૦૦થી વધુ સંગીત સ્નેહીઓ પધાર્યા હતા.

## આરોગ્ય

## ૪૬૪ તથા ૪૬૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:




શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે દિલ્હી સ્થિત શ્રી હિંમતલાલ ઠક્કરના સૌજન્યથી ૪૬૪મો નેત્રયજ્ઞ યોજાય ગયો તેમજ સ્વ. શ્રી ગુણવંતભાઈ વડોદરીયાના સૌજન્યથી શ્રી અમીતાબહેન વડોદરિયાની ઉપસ્થિતિમાં ૪૬૫મો નેત્રયજ્ઞ તારીખ ૨૪ જુનના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૬૩ દર્દીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. શ્રી હરપ્રીત જસકૌરની ટીમ દ્વારા કરવામાં આવી.જે તમામને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૨૨ દર્દીઓને તેમજ દર્દીઓના ૧૦ સહાયકોને ખાસ બસમાં વિરનગર લઈ જવામાં




આવ્યા.'દર્દી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

પરીખ ફાઉન્ડેશન તરફથી શિશુવિહાર સંસ્થાને મળેલ AC બસમાં વિરનગર (રાજકોટ)થી આઈ સર્જરી પેશન્ટને ભાવનગર પરત લાવવામાં આવ્યા હતા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## કાંઠા વિસ્તારના ગામડાઓ માટે આરોગ્ય શિબિર




શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃતિ અંતર્ગત નિરમા લિમિટેડના સૌજન્યથી તા.૨૧ જૂને ભાલ વિસ્તારના કોટડા ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ. જેમાં ૧૬૬ ગ્રામજનોની આરોગ્ય તપાસ, ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે વાઘ બકરી પ્રોસેસિંગ યુનિટ દ્વારા મળેલ મેડીકલ વેનના વિશેષ ઉપયોગથી બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરીયાતમંદ દર્દીનારાયણોને દવા તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ.






આ પ્રસંગે સંસ્થા બાળ પુસ્તકાલય દ્વારા શાળાને ૧૦૦ બાળ પુસ્તકો તથા બાલ આરોગ્ય સૂત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં શિશુવિહારની આરોગ્ય ટિમનાં ડૉ. અરવિંદભાઇ ત્રિવેદી, શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી દીપાબહેન જોષી, શ્રી યોગેશભાઇ શાહ તથા નિરમા લિમિટેડ એચ.આર. ડિપાર્ટમેન્ટના શ્રી કિરણભાઇ સોલંકી તથા ગામનાં સરપંચ શ્રી સુરેશભાઇ પરમાર સાથે આચાર્ય શ્રી ભગાભાઈની સેવા મળી હતી.

આ કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઇ મકવાણાએ કર્યુ હતું.

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ



જૂન માસ દરમિયાન નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૫૫ રહી હતી. માસ દરમિયાન ઘડિયાળ કાંટો, નંબર લાઠી, ચોરસ લંગડી પ્રકારે સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાંય પ્રાર્થના સમયે બાળકોએ સમૂહમાં રહીને પ્રાર્થના, ધૂન, ગીતો ગાયાં, તેમજ સ્કાઉટ વિદ્યાર્થી હર્ષભાઈ, માનવભાઈ, વિરેનભાઈ, રાજભાઈ તેમજ



કમલેશભાઈનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો. મે-જૂન માસમાં યોજાયેલ સમર કેમ્પમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર સ્કાઉટ વિદ્યાર્થીનો પુરસ્કાર વિતરણ કાર્યક્રમ યોજાયો, જેમાં ૬ અલગ-અલગ પ્રવૃત્તિમાં ૧૨ વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં. વર્ષ ૨૦૨૨-૨૩માં લેવાયેલ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ ૧૧ સ્કાઉટને પણ પુરસ્કાર આપવામાં આવેલ.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી શબનમબહેન કપાસી તરફથી ક્રીડાંગણના ૪૫ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ધોરણ માટેની જરૂરિયાત અનુસાર ૨૫૮ ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ થયું. આ પ્રસંગે શ્રી ફૈઝલભાઈ તથા મરિયમબહેન કપાસીએ વિદ્યાર્થીઓને શિક્ષણ અને જીવનનાં ધ્યેય પ્રત્યે જાગ્રત કર્યા હતા.

### વયસ્કો માટે ૩૪૫મી દૃષ્ટિચકાસણી શિબિર:

શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી જૂન માસમાં ૩ શનિવારે તથા અન્ય ૩ સ્થળે દૃષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી કમલેશભાઈ વેગડ દ્વારા Auto Refractometer દ્વારા ૭૪ વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

### ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦ થી ૧:૦૦ તથા સાંજના ૪:૩૦ થી ૬ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ. જાહ્નવીબહેન તેજાણીનાં કન્સલ્ટેશન હેઠળ જૂન માસમાં ૨૩૭ દર્દીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૩ ભાઈઓ આવ્યા હતા.

સંચાલક: શ્રી નિશાબહેન બારૈયા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

જૂન માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૯૯૫ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૮૫૦ નાગરિકોએ લીધેલો. સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

બાળકો પાયાનાં ઘડતરની સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજના ૫ થી ૬.૩૦ દરમિયાન વિદ્યાર્થીઓને અપાતા જીવનશિક્ષણ તાલીમ અંતર્ગત ૧૭૨ થી ૧૭૪ પુસ્તકોને પુઠાં ચડાવવા, ઘઉંના જવારા ઉગાડવા, કુંડાની માટીને ગોડ કરવાની તાલીમ આપવામાં આવી હતી. ભાગ લેનારની વિદ્યાર્થીની સંખ્યા ૧૨૫ રહી હતી.

સંચાલક: શ્રી પ્રીતિબહેન ભટ્ટ

# સંસ્કાર સાહિત્ય પ્રકાશન

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રોય ફાઉન્ડેશન

જૂન માસમાં ૪૦ વાચક સભ્યોએ ૧૫૦ પુસ્તકો વાચ્યાં હતાં. **સંસ્થા પુસ્તકાલયમાં ૫૪૨ પુસ્તકો ભેટ સ્વરૂપે મળેલ છે, જેનો સાભાર સ્વીકાર છે.** સંચાલક :શ્રી દીપાબહેન જોષી

## બાલદેવ વન:

જૂન માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૮૩ બાળકો પોતાનાં વાલી સાથે રમવા આવ્યાં હતાં. મહિલા સેવા સમાજનાં ૬૩, ગ્લોબલ કીડ્સ પ્રી-સ્કૂલનાં ૨૦, ઉપરાંત આસપાસનાં રહિશો ૪૩૮૫ કુલ તેમ ૪૬૬૮ બાળકોએ મુક્ત-મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ. સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

## તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૩ જૂને યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તથા સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી. સંચાલક: શ્રી પરેશભાઈ પાઠક



## માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. જૂન માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૬ દર્દીઓએ લાભ લીધો હતો.

શ્રી વજીરચંદ કક્કર તરફથી હવાનુ ગાદલુ, સાદુ ગાદલુ તેમજ એક વોકર ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.

સંચાલક: શ્રી અનિલભાઈ જોષી

## કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક તેમજ સી.સી.સી કોર્સમાં ૧૫ તાલીમાર્થી શિક્ષણ મેળવી રહ્યાં છે.

સંચાલક: શ્રી હેતલબહેન ઓઝા

## સંગીત વર્ગ:

જૂન માસ દરમિયાન સંસ્થાના સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક :શ્રી હેવુભાઈ મહેતા

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે, જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. જૂન માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. જૂન માસ દરમિયાન એક સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો. સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ



## સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૩ શ્રમિક બહેનો દ્વારા જૂન માસમાં કાપડની ૧૦૦૦ થેલી તૈયાર થતાં રૂ.૪૦૦૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૮૩,૩૪૬ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમઃ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત




જૂન માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૩૧ રહી હતી. માસ દરમિયાન ૫ બહેનોએ ગારમેન્ટ મેંકિંગની પરીક્ષા આપી હતી.

સીવણ તાલીમાર્થીઓ વ્યાવસાયિક રીતે પગભર થાય તે દિશાના પ્રયત્નના ભાગ રૂપે આગામી નવેમ્બર માસમાં શિશુવિહાર સીવણ વર્ગના તાલીમાર્થીઓનું સંમેલન યોજવામાં આવનાર છે.

સંચાલકઃ શ્રી ગુલાબબા ગોહિલ

### સાભાર સ્વીકાર

**શ્રી કિશોરભાઈ જોધવાણી – ભાવનગર** તરફથી પ્લાસ્ટીકના બદલે કાપડની થેલી વાપરવાના અભિયાન અંતર્ગત કાપડની થેલી તૈયાર કરવાના અભિયાન માટે ૩૦૦મીટર કાપડ આપવામાં આવેલ છે.

**ઝુમ એન્ટરપ્રાઈઝ – મુંબઈ** તરફથી એક કાપડનું પાર્સલ મળેલ છે.

**શ્રી મોતીલાલજી હલાલકા – મુંબઈ** તરફથી જરૂરીયાતમંદ પરિવાર માટે ૨૦ નંગ શેતરંજી મળેલ છે. શ્રમિક પરીવારોને મદદરૂપ થનાર દાતાઓનો શિશુવિહાર આભાર માને છે.



## બુધસભાઃ



૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભાની ૨૨૩૮મી બેઠક ૭ જૂને શ્રી માનસીબહેન ત્રિવેદીનાં સંચાલનમાં મળેલ 'સળગતી વાત', 'સળગતી હવાઓ', 'સહિયારા સૂરજની ખોજમાં' તથા 'હસ્તક્ષેપ' તથા 'સફરનામા' માં જેવા માતબર કાવ્યસંગ્રહો ગુજરાતી સાહિત્ય જગતને આપનાર કવયિત્રી ડૉ. સરુપબહેન ધ્રુવની ઉપસ્થિતિમાં યોજાયેલ આજની બેઠકમાં બહોળી સંખ્યામાં કવિઓ હાજર રહ્યા. આજે બુધસભામાં પ્રસિદ્ધ ગઝલકાર એસ.એસ. રાહી ડૉ. મહેન્દ્રસિંહ પરમાર પણ હાજર રહ્યા હતા. માસના બીજા બુધવારે મૌલિક અભિવ્યક્તિ અંતર્ગત ૨૨૩૯મી બેઠક યોજાઈ. કવયિત્રી શ્રી અંજનાબહેન ગોસ્વામીનાં સંચાલન હેઠળ મળી. અવસરની અભિવ્યક્તિ અંતર્ગત વર્ષાૠતુને વધાવતી રચનાઓ કાવ્ય રસિકો દ્વારા રજૂ કરવામાં આવી.

માસના ત્રીજા બુધવારે ૨૨૪૦મી કાવ્ય ગોષ્ઠિ તા. ૨૧ જૂને એક વિશેષ ઉપક્રમ સાથે બુધસભા યોજાઈ હતી. સર્જનની પૂર્વક્ષણોમાં વિષયે મહેમાન કવિ વકતવ્ય અંતર્ગત શ્રીદાન વાઘેલાએ કવિતા એટલે શું? કવિની સજ્જતાની પ્રેરણાત્મક વાતો પોતાની આગવી શૈલીમાં કરી હતી. આ વિશેષ ઉપક્રમમાં ૩૫ જેટલા કવિઓ સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમનું સંચાલન શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીએ કર્યુ હતું.

માસની છેલ્લી અને ૨૨૪૧મી બેઠક તારીખ ૨૮એ યોજાઈ. શ્રી લાલજીભાઈ બાંભણિયાના સંચાલનમાં કવયિત્રી શ્રી વર્ષાબહેન જાની દ્વારા કવિ શ્રી માધવ રામાનુજ વિશે અને તેમના કાવ્યો વિશે સરસ રસપ્રદ વાતો કરવામાં આવી. ૩૦ જેટલા કાવ્ય રસિકોએ કાવ્ય પઠન કરેલ. માસ દરમિયાનથી ચારે બેઠકોમાં ૧૩૩ કવિઓ ઉપસ્થિત રહેતા બુધસભાની સાર્થકતા પ્રબળ બની હતી.

સંચાલકઃ શ્રી દીપાબહેન જોષી



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
## સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 20,000.00 | શ્રી રૂચિતાબહેન જશવંતરાય શાહ | શૈક્ષણિક સહાય |
| 11,000.00 | શ્રી કુસુમબહેન વિનોદરાય શાહ | સર્વાંગી સહાય |
| 10,000.00 | શ્રી દેવીન્દ્રબહેન શાહ | પોષક આહાર |
| 5,100.00 | શ્રી અનિલભાઈ મોહનલાલ શાહ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી પ્રિયાવંદાબહેન અરૂણકાંત દોશી | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 3,000.00 | શ્રી નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |

## પ્રચાર-પ્રસાર



### જૂન માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી રીટાબહેન જયેશભાઈ દવે – ગાંધીનગર

સંચાલકઃ શ્રી દક્ષાબહેન ગોહેલ

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

જૂન માસમાં રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ૧૪૮ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી, તથા ૭ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

જૂન માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૪.૯K અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૫૬૧ રહી હતી.

સંચાલકઃ શ્રી અનિલભાઈ બોરીચા



## શુભેચ્છકો લખે છે

**• ડૉ. શિશિરભાઈ ત્રિવેદી (અધ્યક્ષ-નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગર)**

કેળવણી ક્ષેત્રે ભાવનગરની આગવી ઓળખ પ્રસ્થાપિત થયેલ છે. માત્ર શૈક્ષણિક સંસ્થાઓ જ નહીં સામાજિક કાર્યો સાથે સંકળાયેલ સંસ્થાઓ પણ કેળવણીને પોતીકું દાયિત્વ સમજી નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકો માટે હરહંમેશ સાથે રહી છે. **શિશુવિહાર સંસ્થા ટોચના ક્રમે રહેલી એક સંસ્થા છે.** વર્ષ ૨૦૦૯થી સંસ્થા દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકોમાં રહેલી ચિત્રની કળાને બહાર લાવવાનું તેમજ વિકસાવવાનું કામ કરે છે. જેના ભાગ રૂપે તમામ શાળાઓમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરી દરેક શાળામાંથી પાંચ-પાંચ વિદ્યાર્થીઓને પોતાની સંસ્થામાં બોલાવી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરે છે. જે પૈકી પ્રથમ ૧૨ ચિત્રો કેલેન્ડર સ્વરૂપે પ્રકાશિત કરી બાળકો તેમજ માર્ગદર્શક શિક્ષકોને પ્રોત્સાહિત કરી ઉત્કૃષ્ટ કામગીરી હાથ ધરેલ છે. વર્ષ ૨૦૨૩માં સતત ૧૨મા વર્ષે જરૂરિયાતમંદ ૧૭૦૦ બાળકોને શિક્ષણ સહાય અને તમામ શાળાઓને પુસ્તકાલય આપી સમગ્ર શિક્ષણ સમિતિના ઉત્સાહમાં અઢળક વધારો કરેલ છે. શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩નું સુંદર કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ છે, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી શાળાઓમાં અમારા વિદ્યાર્થીઓની પ્રતિભાને યોગ્ય મંચ પૂરું પાડવા માટે શિશુવિહારનો આભાર વ્યક્ત કરું છું. આપણા સૌના સહિયારા પ્રયત્નો કેળવણીની નવી ક્ષિતિજોને સર કરશે તેવી અભ્યર્થના સેવું છું.

**• શ્રી પ્રાણવભાઈ પારેખ (જનસંપર્ક અધિકારી, મુખ્યમંત્રી કાર્યાલય, ગાંધીનગર)**

સ્વસ્થ આરોગ્ય દર્શાવતા બાળ ચિત્રોનું કેલેન્ડર પ્રેરણાદાયી પ્રવૃત્તિ છે. ગુજરાતના અનેક પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત શિશુવિહાર સંસ્થાની પ્રવૃત્તિ લેખોનું સંકલન પણ પાયાનું કામ કરનારાઓ માટે પ્રેરણાદાયી બને છે, ધન્યવાદ.

**• શ્રી બાબુલભાઈ વ્હોરા (અમદાવાદ)**

શિશુવિહાર દ્વારા સ્થાપિત બાળ પુસ્તકાલયના વાચક દ્વારા તૈયાર

થયેલ પ્રાકૃતિક આરોગ્ય વિષયના ચિત્રોનું કૅલેન્ડર મળ્યું. વિદ્યાર્થી વયે કોઈ એક વિષયને વાંચી તેને ચિત્રોમાં ઢાળવા સુધીનો પ્રયાસ સરાહનીય છે.

- **ડૉ. ચંદ્રકાંતભાઈ ભોગાયતા (પૂર્વ અધ્યક્ષ શિક્ષણ વિભાગ)**

કૅલેન્ડર અને શિશુવિહારનો અંક મળ્યો. બાળકોનાં મનોહર ચિત્રોથી આ કૅલેન્ડરનું પ્રિન્ટીંગ સુઘડ અને આંખને જોવું ગમે છે. સંસ્થા સંચાલકોની દૃષ્ટિ અને પુરુષાર્થ કાબિલ-એ-દાદ છે. કૅલેન્ડર માટેના દાતાશ્રીઓ ધન્યવાદને પાત્ર છે. શિશુવિહારનો અંક પણ આ વખતે સોહામણો છે. સૌને ધન્યવાદ.

- **પ્રા. ડૉ. અરવિંદભાઈ ભાંડારી (પૂના)**

શિશુવિહારની પ્રવૃત્તિઓના અહેવાલથી હું ઘણો પ્રભાવિત થયો છું. સંસ્થા બાળકો માટે જીવનઘડતરની પ્રવૃત્તિઓ અવિરત કરે છે એ ખરેખર સરાહનીય છે. મને અહેવાલ મોકલવા બદલ આભાર.

- **શ્રી નિલકંઠભાઈ અંતાણી (શિવાનંદ મીશન, વીરનગર)**

આપના તરફથી આકર્ષક અને બોધપ્રદ કૅલેન્ડર મળેલ છે. ખાસ તો નાના કલાકારોનાં સુંદર ચિત્ર અને નાની સાઈઝ તથા શૈક્ષણિક વર્ષનાં પાનાના નવા અભિગમ માટે વિશેષ અભિનંદન. આ સાથે મળેલ 'શિશુવિહારનું નવચેતન' પણ સરસ છે. સુંદર ભેટ માટે આભાર.

- **ડૉ. દર્શિતાબહેન શાહ (ધારાસભ્યશ્રી, રાજકોટ)**

શિશુવિહાર દ્વારા સ્વસ્થ આરોગ્ય વિષયે તૈયાર થયેલ કૅલેન્ડર અમોને મળ્યું, જે બદલ આભાર. સ્વરાજ્ય શાળા તરીકે ૧૯૩૯થી કાર્યરત શિશુવિહાર સંસ્થા બાળકોને ઘડતારમાં મહત્વનો ભાગ વર્ષોથી ભજવે છે. તેમજ સંસ્થા સામાજિક સેવા સાથે સંકળાયેલ છે. જે બાબત સરાહનીય છે. નગરપાલિકાના ગરીબ બાળકોની શાળામાં ચાલતા બાળ પુસ્તકાલય આધારિત સ્વસ્થ આરોગ્ય વિષયે તૈયાર થયેલ કૅલેન્ડર ઘણું સુંદર બનાવેલ છે. કૅલેન્ડર મોકલવા બદલ પુનઃ આભાર.

- **ડૉ. પ્રકાશભાઈ અને મીનાબહેન ભટ્ટ (ભાવનગર)**

શિશુવિહારમાં યોજાયેલ સમર કેમ્પમાં બાળકોને પ્રવૃત્ત રાખી જીવન ઉપયોગી પ્રવૃત્તિઓ જેવી કે, બાળગીતો, આર્ટ ઍન્ડ ક્રાફ્ટ અભિનય દ્વારા કહેવામાં આવતી વાર્તા ખૂબ પ્રભાવશાળી રહ્યા. અમારાં પૌત્રો-પૌત્રી



અબીર તથા ઈશીરને બહુ જ મજા આવી. તેમના માનસિક તથા શારીરિક વિકાસ સાથે સ્વાદિષ્ટ અને પૌષ્ટિક નાસ્તાની બાળકોએ મજા માણી આ માટે આયોજકો અને શિક્ષકોની મહેનતને અભિનંદન. આવતા વર્ષના સમર કેમ્પની રાહ જોઈશું.

- **શ્રી બીનાબહેન ભટ્ટ (શિક્ષકઃ ભૂતેશ્વર)**

મારી દીકરી ઈવા ૪ વર્ષની છે. તે હવે સવારે ''મારે બાલમંદિર જવું છે'' એમ ઘરેથી જ હોંશે હોંશે જવા તૈયાર થઈ એ આ સમર કેમ્પનો બહુ મોટો ફાયદો થયો છે. તે ધૂન વખતે ખંજરી જાતે લઈને મૂકતાં શીખી ગઈ. તાલ સાથે તાલ મેળવીને ધૂન, વિવિધ બાલગીતો, અભિનય ગીતો અને જોડકણાં ગાતાં શીખી ગઈ. જમતી વખતે પ્રાર્થના બોલતાં શીખી ગઈ છે, અને જાતે પોતાની થાળી- વાટકો લેતા મૂકતા શીખી ગઈ છે. બાલમંદિરના ઉપક્રમે યોજાયેલ સમર કેમ્પથી અમને વાલીઓને પણ ઘણું શીખવા મળ્યું છે. અમારાં બાળકો સાથે અમને પણ પ્રવૃત્ત રહેવા ભાથુ મળ્યું છે.

- **શ્રી તૌફિક રફિકભાઈ શેખ (નવાપરા,ભાવનગર)**

સમર કેમ્પમાં આયોજિત પ્રવૃત્તિઓમાં બધાને એક જ વિધાનમાં કહી શકું કે શિશુવિહાર બાલમંદિર દ્વારા મારા પુત્રમાં જે શિક્ષણ, શિષ્ટાચાર, સંસ્કૃતિ અને નૈતિક્તાનાં બીજ રોપાયા છે, તે તેના ભાવિ જીવનમાં ફળદાયી બનશે. પિતા હોવાના નાતે આ સમર કેમ્પમાં મારા પુત્રને ભાગ લેવરાવવો એ મારો સમજદાર નિર્ણય હતો. શિક્ષક અને શાળા/સંસ્થાના પ્રયત્નો અને મહેનતનું કોઈ વળતર આપી શકતું નથી, પરંતુ હું ખાત્રી આપુ છું કે મારો પુત્ર જ્યારે પિતા બનશે ત્યારે તે પણ તેના બાળક સાથે શિશુવિહારની મુલાકાત લેશે. શિશુવિહાર બાલમંદિર અને તેના સમગ્ર સ્ટાફ અને ટીમનો વિદ્યાર્થીઓ માટેના ઉત્કૃષ્ટ પ્રયત્નો અને મહેનત માટે હું હૃદયપૂર્વક આભાર માનું છું.

- **શ્રી હાર્દિક રાકેશભાઈ સોલંકી (શિબિરાર્થી, ગ્રીષ્મ તાલીમ વર્ગ)**

ગ્લાસ પેન્ટિંગ મને બહુ જ ગમે છે. શીખવવાળા મીસ બહુ જ સારા છે. તેનો સ્વભાવ બહુ જ સારો છે. મારે વેકેશન હતુ, તેથી શિશુવિહારમાં કેમ્પ હતો ત્યારે મેં કરાટે, ચિત્ર, ગ્લાસ પેન્ટિંગમાં ભાગ લીધો હતો. મને આ કેમ્પ બહુ જ ગમ્યો હતો. કેમ્પમાં મને ઘણાં બધા સારા અનુભવ મળ્યા હતા. આભાર...

- **શ્રી સંગીતાબહેન શરદભાઈ મકવાણા (શિશુવિહાર સીવણ તાલીમાર્થી)**

શિશુવિહાર સંસ્થામાં મેં સીવણ વર્ગની તાલીમ લીધેલ છે. સીવણ અંગેની તાલીમ સરસ રીતે આપવામાં આવે છે. અમારાં શિક્ષક શ્રી ગુલાબબા ડાયગ્રામ તેમજ પેપર કટિંગ શીખવાડે છે, તેથી કાર્ય સરળ બને છે. મને બધુ જ સીવતાં આવડી ગયું છે. સીવણની તાલીમ આપનાર સ્વનિર્ભર કરનાર ગુલાબબા તેમજ શિશુવિહાર સંસ્થાની આભારી છું. હું ઘરે બેઠા થેલા, ડ્રેસ, થેલી, બ્લાઉઝ, ચણિયા વગેરે સીવું છું. મહિને રૂ. ૮૦૦૦નું કામ કરું છું. જેનુ મને ગૌરવ છે.

- **ઋતુ સંદીપભાઈ ગોસ્વામી (તાલીમાર્થી સીવણ વર્ગ)**

શિશુવિહાર સંસ્થામાં મેં સીવણવર્ગની તાલીમ લીધેલ છે. સીવણ અંગેની તાલીમ સરસ રીતે આપવામાં આવે છે. અમારાં શિક્ષક શ્રી ગુલાબબા તેમજ શિશુવિહાર સંસ્થાની આભારી છું.

## શિશુવિહાર સંસ્થા-ભાવનગર

પબ્લિક ટ્રસ્ટ રજી. નં. એફ/૬, સોસાયટી રજી.નં.પર/ગુજરાત

**સામાન્ય સભા**

શિશુવિહાર સંસ્થાનાં તમામ સભ્યોની વાર્ષિક સામાન્ય સભા આગામી તારીખ: ૧૫ ઑગસ્ટ ૨૦૨૩ મંગળવારે સવારે ૯:૩૦ કલાકે શિશુવિહારમાં યોજાશે. નીચે જણાવેલ બાબતે મળનાર સભામાં તમામ સભ્યશ્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા ખાસ નિવેદન છે.

### સામાન્ય સભાની કાર્યસૂચિ

(૧) ગત સામાન્ય સભા તા.૨૧-૮-૨૦૨૨(રવિવાર)ની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજૂર કરવી. (૨) સદ્ગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપવી. (૩) સંસ્થાનાં વર્ષ ૨૦૨૨-૨૩ના ઑડિટેડ હિસાબો મંજૂર કરવા.(૪) સંસ્થા ઑડિટરને ૧ વર્ષ માટે નિયુક્ત કરવા બાબત. (૫) સંસ્થાની સામાન્ય સભાની મુદત પાંચ વર્ષ કરવા બંધારણીય સુધારો પારિત કરવા બાબત. (૬) વર્ષ ૨૦૨૩થી ૬૦ માસ માટે કારોબારી નિયુક્ત કરવા અને જરૂરી કાર્યવાહી કરવા બાબત (૭) પ્રમુખશ્રીની મંજૂરીથી જે કંઈ રજૂ થાય તે.

ડૉ.નાનકભાઈ ભટ્ટ
માનદ્‌મંત્રી, શિશુવિહાર

☞ ખાસ નોંધ ☜

૧. કોરમના અભાવે મુલતવી રહેલી સભા એ જ સ્થળે અડધા કલાક પછી ફરી મળશે.
૨. ઑડિટેડ હિસાબ જોવા ઈચ્છતા સદસ્યે તારીખ ૧૦/૮/૨૨થી કાર્યાલયના સમયે સાંજના ૫:૦૦થી ૭:૦૦ મંત્રીને વિનંતી કરવાથી જોઈ શકશે.



# શિશુવિહાર પ્રકાશિત પ્રાપ્ય પુસ્તકોનું સુચિપત્ર

| પુસ્તક | ₹ કિંમત |
|---|---|
| ૧. તંદુરસ્તી તમારા હાથમાં (ગુજરાતી-હિન્દી).. | ૧૫=૦૦ |
| ૨. બાલમંદિરમાં ગવાતાં ૧૦૧ ગીતો...... | ૧૫=૦૦ |
| ૩. પુરૂષાર્થ પાઠાવલી.................... | ૧૦=૦૦ |
| ૪. મા તે મા............................. | ૧૦=૦૦ |
| ૫. સીવણ સમજૂતી....................... | ૪=૦૦ |
| ૬. વસિયતનામાની અગત્યતા............ | ૧૫=૦૦ |
| ૭. વીજળી અને વપરાશ................. | ૧૦=૦૦ |
| ૮. પુત્રીજન્મ શુભેચ્છ કાર્ડ................ | ૫=૦૦ |
| ૯. ડાયાબિટીસ - મધુપ્રમેહ.............. | ૧૫=૦૦ |
| ૧૦.ચાલો ગાઈએ....................... | ૧૫=૦૦ |
| ૧૧.શિશુવિહારના વડલાની વાતો........ | ૧૫=૦૦ |
| ૧૨.હાથે લોઢુ હૈયે મીણ.................. | ૫૦=૦૦ |
| ૧૩.બાલ આરાધના સુખ એટલે દિલોજાન દોસ્ત...................... | ૧૨=૦૦ |
| ૧૪.શિક્ષણ પરિસ્થિતિ અને ઉપચાર...... | ૨૦=૦૦ |
| ૧૫.વ્યવહારૂ સુચન (૯૯ સુચન)......... | ૧૦=૦૦ |
| ૧૬.અવૈધિક શિક્ષણની મહાશાળા......... | ૧૦=૦૦ |
| ૧૭.સાઈકલ સંભાળ...................... | ૧૦=૦૦ |
| ૧૮.ડિઝાસ્ટર મેનેજમેન્ટ.................. | ૨૫=૦૦ |
| ૧૯.શતાબ્દી પુસ્તિકાનો સેટ(૧૦ બુક)... | ૨૦=૦૦ |
| ૨૦.સૌનાં ભાઈ માનભાઈ................. | ૫૦=૦૦ |

| પુસ્તક | ₹ કિંમત |
|---|---|
| ૨૧.ડિપ્રેશનને જાણો...................... | ૧૫=૦૦ |
| ૨૨.બાલ આરોગ્ય સુત્રો...................... | ૨=૦૦ |
| ૨૩.શિશુવિહાર સંકલ્પ યાત્રા............... | ૨૫=૦૦ |
| ૨૪.માનવજીવન અને પ્રાકૃતિક સારવાર તથા માટીનાં ઉપચારો........... | ૧૦=૦૦ |
| ૨૫.લક્ષ્મણ જેવો ભાઈ.................... | ૧૫=૦૦ |
| ૨૬. આયુર્વેદનું અધ્યાત્મ.................. | ૧૫=૦૦ |
| ૨૭.બાબુનું બાળપણ....................... | ૨૫=૦૦ |
| ૨૮.અધિકૃત ભાવોદ્ગાર................... | ૨૫=૦૦ |
| ૨૯.ગુજરાતમાં બુનિયાદી શિક્ષણની સદી સંદર્ભ બદલાવ, દશા અને દિશા......... | ૨૦=૦૦ |
| ૩૦.જાહ્નવી.........ઈ.................... | ૩૫=૦૦ |
| ૩૧.નિરક્ષીર.............................. | ૫૦=૦૦ |
| ૩૨.આંખની સંભાળ...................... | ૧૦=૦૦ |
| ૩૩.પ્રવૃત્તિ શિક્ષણ....................... | ૩૦=૦૦ |
| ૩૪.અધ્યાત્મ અને વૃદ્ધાવસ્થા............ | ૪૦=૦૦ |
| ૩૫.શુભેચ્છકો લખે છે..................... | ૨૫=૦૦ |
| ૩૬.ચિદાનંદ.............................. | ૧૫=૦૦ |
| ૩૭.સૌની સેવામાં માનભાઈ........... | ૧૦૦=૦૦ |
| ૩૮.વૃક્ષનાં પાનાની રંગોળીનું કેલેન્ડર.. | ૧૦૦=૦૦ |
| ૩૯.આકાશદર્શન........................... | ૨૦=૦૦ |
| ૪૦. મજદૂર સે મહાજન (હિન્દી)..... | ૩૦=૦૦ |
| ૪૧. શિશુવિહાર નવચેતન.......... | ૧૦૦.૦૦ |

## ૪૨-અમૃત મહોત્સવ વિચારયાત્રા પુસ્તક સંપુટ : ૭

કિંમત રૂા. ૫૦૦/-

૧. શબ્દામૃત
૨. બાલોપનિષદ્
૩. શિક્ષણ-દિશા અને દિશા
૪. માણસાઈની પગદંડી
૫. રાષ્ટ્રવિકાસની દીવાદાંડી
૬. બાલ-ગીતા ભાગ-૧/૨



# સ્વરાજ્યની શાળા
# શિશુવિહાર

## વર્ષ ૧૯૯૧માં પ્રકાશિત
## શિશુવિહાર સામયિકોનો સાર
## (એક દસ્તાવેજ)




### જાન્યુઆરી

• શિશુવિહારનાં આજીવન સભ્ય સહાયક શ્રી અમૃતલાલ યાજ્ઞિકે ચિર વિદાય લીધી. • ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ શિશુવિહારનાં ઉપક્રમે દક્ષિણામૂર્તિ અને શિશુવિહાર ઑપન ટ્રુપનો બે દિવસનો, ટ્રેનિંગ કેમ્પ રાખવામાં આવ્યો.• શિશુવિહાર બુધસભા અને સાહિત્ય સંગમ દ્વારા તા.૫ ડિસેમ્બરે ડૉ. પથિક પરમારના ગંતવ્ય પુસ્તકનું પ્રાધ્યાપક શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદીના વરદ હસ્તે વિમોચન થયું. • બજરંગદાસબાપા રમકડાં ઘરમાં ૭૬ બાળકોએ ભાગ લીધો. રમકડાં ઘરની કાયમી સભ્ય સંખ્યા ૧૯ છે. • દિવ્ય જીવન પરિવાર દ્વારા પ.પૂ. ચિદાનંદજી મહારાજની પાવન નિશ્રામાં તા.૮/૯/૧૦ ફેબ્રુઆરીએ શિશુવિહાર પ્રાંગણમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરિષદ યોજાઈ ગઈ.

### ફેબ્રુઆરી

• શિશુવિહાર પ્રાંગણમાં પ્રજાસત્તાક દિને પૂજ્ય સ્વામી તદ્‌રુપાનંદજીના વરદ હસ્તે ધ્વજવંદન થયું. • પૂજ્ય તદ્‌રુપાનંદ સ્વામીજીએ શિશુવિહારમાં આકાર લઈ રહેલ બાલ દેવવનની મુલાકાત લીધી. સ્કાઉટ-ગાઈડનો રમત ગમતનો કાર્યક્રમ યોજ્યો. રાત્રે શિશુવિહારની રંગભૂમિ ઉપર શ્રી રામભાઈ ધામેલિયા રચિત ચક્રાવો નાટક ભજવાયું.• સંસ્થાના શુભેચ્છક શ્રી હરિભાઈ ચૌહાણે તેઓના પૂજ્ય પિતાશ્રી નારણભાઈની સ્મૃતિમાં રૂપિયા ૫૦૦૧ની રકમ દાનમાં આપી છે. તેના વ્યાજમાંથી દર વરસે ભાવનગર શહેરના કોઈપણ વિષયમાં વિશિષ્ટ લાયકાત ધરાવતા નાગરિકનું જાહેર સન્માન થશે. • સંસ્થાનાં બે નવા પ્રકાશનો: (૧) 'જીવનસંધ્યાનો સુવર્ણ કળશ': લેખક મીરાંબહેન ભટ્ટ, (૨) 'પ્ર. ત્રિવેદી કહે છે કે': લેખક: પ્ર.ત્રિવેદી પ્રકાશિત થયા. • ગુજરાત દિવ્ય જીવન સંઘના એક સંનિષ્ઠ કાર્યકર્તા, દિવ્યજીવન સંઘના પરમાધ્યક્ષ પૂજ્ય શ્રી ચિદાનંદજી સરસ્વતીના અંગત મદદનીશ શ્રી ઉછરંગભાઈ સ્વાધ્યાયનું દિલ્હી મૂકામે અતિશય ઠંડી લાગતાં દેહાવસાન થયું છે.

### માર્ચ

• જાણીતા દાનવીર ગઢડા નિવાસી શેઠશ્રી રતિલાલ વિઠ્ઠલદાસ ગોસળિયાનું, મુંબઈ મુકામે તા. ૨૦-૨-૯૧ના રોજ હૃદયરોગના હુમલાથી થયેલ



આઘાતજનક, અચાનક દેહાવસાનથી શિશુવિહારના સંચાલકો તથા સંસ્થા પરિવારના તમામ સભ્યો ઊંડા શોકની લાગણી અનુભવે છે. • ભાવનગરની શૈક્ષણિક -સાંસ્કૃતિક સંસ્થાઓના સહકારથી શિશુવિહાર બુધસભા દ્વારા ૯૦મા વર્ષમાં પ્રવેશ કરનાર કવિ, નાટયકાર પ્રા. ડૉ. ચં.ચી. મહેતાનું અભિવાદન સમારોહ સંપન્ન થયો.• શ્રી હરિભાઈ ચૌહાણ પ્રેરિત કથા-કાવ્ય સ્પર્ધા માટે ૫૭ કાવ્યો આવ્યા હતા. પ્રા. ડૉ. ઈશ્વરલાલ દવે અને પ્રા. તખ્તસિંહ પરમારે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. • મદ્રાસના સરકારી આંખના દવાખાનાના આંખના સર્જન તથા આઈ બેંકના અધ્યક્ષ ડૉ. કે. આનંદકન્નના અહેવાલ મુજબ શિશુવિહાર દ્વારા મોકલાયેલ ચક્ષુદાન વડે માર્ચ માસમાં ચાર અંધજનોને દૃષ્ટિદાનનું ઑપરેશન કરીને દેખાતા કરવામાં આવેલ છે.

### એપ્રિલ

• નિષ્કામ જનસેવા એ જ પ્રભુસેવા છે એવા દૃઢ વિશ્વાસથી શિશુવિહારમાં દર વરસે પ્રભુકૃપા નેત્રયજ્ઞ યોજાય છે. છેલ્લાં ત્રણ વર્ષથી તો વર્ષમાં બે નેત્રયજ્ઞો યોજાય છે. ઑક્ટોબર ૧૯૯૦માં યોજાયેલ ૨૭મા નેત્રયજ્ઞમાં ૧૬૧ ઑપરેશનો થયા હતા. મોતિયાના ૧૪૩ તથા અન્ય ૧૮. ૨૮મા નેત્રયજ્ઞમાં ૬૨૨ દર્દીઓ નોંધાયા હતા. • ભાલના ગામડાંઓમાંથી લોકોને નેત્રયજ્ઞમાં સારવાર લેવા મોકલવાના કામમાં રતનપરના મદદનીશ શિક્ષક શ્રી ભોપાભાઈ ખસિયા તથા નવાગામ ઢાળના શ્રી અરવિંદગિરિ બાપુએ સારી જહેમત ઉઠાવી હતી. સંસ્થાએ કાર્યકરોની સેવા બિરદાવી હતી. • બાળ કેળવણીની શરૂઆત અક્ષરજ્ઞાનથી નહીં, પણ સ્વચ્છતાની કેળવણીથી થવી જોઈએ. બાળકોને શિક્ષક કક્કો ઘૂંટાવવા ઉતાવળ નહીં કરે, પણ એને પોતાના હાથ, પગ, નાક, આંખ, દાંત, નખ વગેરેને સ્વચ્છ રાખતાં શીખવશે અને નહાતાં અને કપડાં ધોતાં તથા રૂમાલથી નાક લૂછતાં શીખવશે. અક્ષરો લખાવતાં પહેલાં એને ચિત્રો અને મરોડો કાઢતાં તથા પોતાના વિચારોને ચિત્ર દ્વારા રજૂ કરતાં શીખવશે. અનેક બાળગીતો, કવિતા, ટૂચકા, ઉખાણાં મોઢે કરાવી એની ઉચ્ચાર શુદ્ધિ કરાવવી જોઈએ. શિક્ષકો વાર્તાઓ દ્વારા ઈતિહાસ-ભૂગોળનું જ્ઞાન, કથાઓ અને ભજનો દ્વારા ધર્મનું જ્ઞાન અને પ્રત્યક્ષ અવલોકનથી પદાર્થ વિજ્ઞાન અને વનસ્પતિનું તથા ભૂમિ અને આકાશનું જ્ઞાન આપવું જોઈએ. -કિશોરલાલ મશરૂવાળા

• ભાવનગરના વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ: પ્રાર્થના મંદિરનું નવોત્થાન કરવામાં આવ્યું છે. સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓ પૈકી પ્રાર્થના મંદિર એ સૌનું હાર્દ હોઈ તેના મકાન તેમજ અન્ય સુવિધાઓનું પણ નવ સંસ્કરણ કરેલ છે

### મે

• સંતરામ મંદિર-નડિયાદની પ્રેરણા અને આશીર્વાદથી શિશુવિહારમાં ૪-૫ મે ના રોજ રોગ નિદાન અને સારવાર શિબિર યોજવામાં આવી હતી. સંતરામ મંદિરના આરોગ્ય કેન્દ્રના ડૉ. શ્રી દિનુભાઈ પટેલે આ શિબિરનું સંચાલન કર્યું હતું. ૪૦૦ જેટલાં દર્દી ભાઈ-બહેનોના રોગનું નિદાન કરીને સારવાર આપી

હતી. • એપ્રિલ ૧૯૯૧માં પાંચ પુણ્યાત્માઓના ચક્ષુદાન મળ્યાં છે. આમ, શિશુવિહાર ચક્ષુબેંકને ૧૨૭૫ સ્વર્ગસ્થ આત્માનઓના ચક્ષુ મળ્યાં છે. સ્વજનના મૃતદેહને બાળીને કે દાટીને તેનો નાશ કરતાં પહેલાં  ચક્ષુદાન કરવામાં આવે તો મરનાર માટે તે સ્વર્ગની સીડી સમાન બને છે. બીજાનું કલ્યાણ કરનારને સદ્દગતિ મળે છે. • ગુજરાતી સાહિત્યના મસ્ત મોભી શ્રી ચંદ્રવદન ચીમનલાલ મહેતાના દેહાવસાનથી ગુજરાતને ધરાગુર્જરીની એક અલગારી સર્જક સપૂતની ખોટ પડી છે. ચંચીની ૯૦મી જન્મજયંતી નિમિત્તે શિશુવિહારની રંગભૂમિના મંડપમાં બુધસભા તથા ભાવનગરની શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ તરફથી તેઓનું સન્માન થયું હતું. સમારંભના પ્રમુખ સ્થાને ભાવનગરના મહારાજ સાહેબ ડૉ. વીરભદ્રસિંહજી હતા. તે દિવસે મહારાજા સાહેબનો જન્મદિવસ હોઈને તેઓએ ચંચીને હવે દર વર્ષે ૧૪મી માર્ચે ભાવનગર આવવાનું આમંત્રણ આપ્યું હતું. ચંચીએ તે સ્વીકાર્યું પણ હતું. આ બધું એકાએક સ્વપ્નવત બની ગયું અને ચંચી ચાલ્યા ગયા. • શિશુવિહારના શ્રમજીવી મજૂર મિત્રોએ ઘણાં વરસો પહેલાં વિજયરંગ થિએટરમાં ચંચીનું ‘ધરા ગુર્જરી’ નાટક ભજવ્યું હતું. તેમાંથી સંસ્થાની કાયમી રંગભૂમિનું સર્જન થયું. શિશુવિહારે એક વખત ગુજરાતી અને બીજી બધી ભાષાઓનાં મળે તેટલાં નાટકના પુસ્તકોનું પ્રદર્શન કરેલું જે ચંચીના વરદ હસ્તે ખુલ્લું મૂકાયેલું.• સંગીત વિશારદ શ્રી દર્શકભાઈ ઓઝા સંચાલિત ગાયન-વાદનનો સંગીત વર્ગ ૧૯૭૬થી નિયમિત ચાલતા સંગીત વર્ગના વિદ્યાર્થી ભાઈ-બહેનો દર વર્ષે બૃહદ્દ ગુજરાત સંગીત સમિતિ (અમદાવાદ)ની પરીક્ષાઓ આપે છે. ૧૯૯૦માં આ બંને પરીક્ષાઓમાં કુલ ૬૭ જણ બેઠા હતા. • બાલશિક્ષણનો જાત અનુભવ મેળવવા બાળપ્રેમ બહેનોનો ૨૦મો અનુભવ તાલીમ વર્ગ શિશુવિહાર બાલમંદિરમાં તા.૧-૬-૯૧ થી તા.૩૧-૧૦-૯૧ સુધી ચાલશે. વર્ગમાં ઓછામાં ઓછું પ્રિ. પી.ટી.સી. અગર બાર ધોરણ પાસ થયેલા બહેનોને દાખલ કરવામાં આવે છે. તાલીમના સમય દરમિયાન માસિક રૂ.૧૭ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

## જૂન

•‘મુંબઈ સમાચાર’ ની કોલમમાં: ભાવનગરમાં શિશુવિહાર નામની સંસ્થામાં બાળકોને રમવા માટે બાલદેવવન તૈયાર કરાયું છે. તેની નોંધ પ્રકાશિત થઈ શિશુવિહારના ૨૫ જેટલાં સ્કાઉટ-ગાઈડ જનતાનગરમાં સાંજે ૫ થી ૭ અભણને ભણાવવા જાય છે. આ કામ સારી રીતે થઈ શકે તે માટે ડૉ. દમયંતિબહેન મોદીના અભણને કઈ રીતે ભણાવવા તેના તાલીમવર્ગમાં પણ ચાલ્યા હતા. • વેકેશન વર્ગો: ઉનાળાની લાંબી રજાઓમાં એપ્રિલની આખરથી મે સુધીમાં હસ્તકલા તથા ઉદ્યોગના જુદા જુદા પાંચ વર્ગો ચાલ્યાં. વર્ગમાં ૩૦૦ જેટલાં વિદ્યાર્થી ભાઈ-બહેનો જોડાયા હતાં. આ પાંચે વર્ગનું સફળ સંચાલન શ્રી ઈન્દાબહેન ભટ્ટે કર્યુ હતું.



## જુલાઈ

• દેશમાં શિક્ષણનું, ખાસ કરીને પાયાના બાલશિક્ષણનું સ્વરાજ્ય મળ્યા પછીના ૪૫ વરસ પછી પણ હજુ કંઈ ઠેકાણું પડયું નથી. ગાંધીયુગમાં આઝાદીની ચળવળના જમાનામાં ગુજરાતમાં ગિજુભાઈના નૂતન બાલશિક્ષણનો તથા ગાંધીજીના પાયાની કેળછણીનો સારો પ્રસાર થયો હતો તે પણ હવે સાવ ધોવાતો જાય છે.

આઝાદ થયા પછી આપણે વધારે પરાધીન અને રાજ્યાધીન બનતા જઈએ છીએ. રાષ્ટ્રીય ભાવના લુપ્ત થતી જાય છે. રાષ્ટ્રીયકરણના નામે બધે સરકારીકરણ થતું જાય છે. સત્તાલોભી રાજકારણીઓ પ્રજાને ઊંઠા ભણાવે છે. ખમીરવાન પ્રજાને ઘડતરની કેળવણી અપાતી નથી. કેળવણીને ભ્રષ્ટાચારે ઘેરી લીધી છે જેના ભોગ બિચારાં નિર્દોષ બાળકો બની રહ્યાં છે. આપણે વાલી તરીકે આ બાબત કંઈ વિચારશું? કે પછી ડોનેશનો ભરીભરીને અને ટયુશનો રાખીને ખુવાર થયા કરશું અને ભાવિ પ્રજાને પણ ખુવાર કરશું? (માનભાઈ ભટ્ટ)

• તા.૨૪-૬-૯૧ના રોજ શ્રી ઘનશ્યામભાઈ ગોપાળજી ઠક્કરને થયેલ જીવલેણ અકસ્માતથી ભાવનગરે એક અગ્રગણ્ય આદર્શ નાગરિક ગુમાવ્યા છે. સ્કાઉટિંગ પ્રવૃત્તિના સ્થાપક તથા સ્કાઉટ-ગાઈડ સંઘના આજીવન સભ્ય શ્રી ઘનશ્યામભાઈના દેહાવસાનથી સંસ્થા ઊંડા શોકની લાગણી અનુભવે છે. પરમાત્મા સદગતના આત્માને ચિર શાંતિ આપો તેવી પ્રાર્થના છે. • શાળાઓનું નવું સત્ર શરૂ થયું હોઈ આર્થિક પછાત કુંટુંબના બાળકોને તથા નીચેની સંસ્થાઓના વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી નોટબુક, પેન, પેન્સિલ, નાના બાળકોને દેશી હિસાબ વગેરે વિના મૂલ્યે આપવામાં આવ્યા. (૧) શ્રી તાપીબાઈ વિકાસગૃહ (૨) શ્રી નંદકુંવરબા બાલાશ્રમ (૩) શ્રી ઠક્કરબાપા છાત્રાલય (૪) પછાત કન્યા છાત્રાલય (૫) બાળ અદાલત તથા ગ્રામ શાળાઓને પણ લાભ અપાયો છે.

## ઑગસ્ટ

•શિશુવિહારની નવધા ભકિત પુસ્તિકાનો  પ્રભાવ: વડોદરાની સેન્ટ્રલ જેલમાં જન્મટીપની સજા ભોગવતા એક કેદી શ્રી છોટાભાઈ ચતુરભાઈના હાથમાં શિશુવિહારે પ્રગટ કરેલ નવધા ભકિતની પુસ્તિકા હાથમા આવી. આ પુસ્તિકાનું નામ ધાર્મિક છે, પરંતુ તેમાં આપેલ લખાણને ચીલાચાલુ ધાર્મિક વાતો સાથે કશો સંબંધ નથી. તેમાં તો માનવ જીવનની આચારસંહિતા આપી છે. માણસના સારા આચરણ અને વર્તનની વાતો અને વિચારો તેમાં આપેલ છે. આ પુસ્તિક શ્રી છોટાભાઈને ખૂબ જ ગમી. તેનો ભારોભાર વખાણ કરતો પત્ર શિશુવિહારના સંચાલક ઉપર આવ્યો અને તેમાં જણાવ્યું કે મને જો જેલની સજામાંથી છૂટવાનો લાભ મળશે તો હું શિશુવિહાર સંસ્થામાં જરૂર આવીશ.

જેલનાં સળિયા પાછળથી પત્રમાં છોટુભાઈ લખે છે,‘ભલે મેં આપશ્રીના દર્શન નથી કર્યા પણ આપના પત્રરૂપી દર્શન તો જરૂર કર્યા છે. પત્ર

મારફતે જ્ઞાનના અજવાળા મારા હૃદયમાં પથરાય તેવા સદુપદેશને શીરે ચઢાવીશ. **જન્મટીપની સજા ભોગવતા એક ભાઈ ઉપર શિશુવિહારની નવધા ભકિતની નાનકડી પુસ્તિકાનો આવો જબ્બર પ્રભાવ પડેલો જોઈ મન હરખાય છે.**

### સપ્ટેમ્બર

• પંદરમી ઑગસ્ટના સ્વાતંત્રદિને ભાવનગર શહેરના જાણીતા ઉદ્યોગપતિ તેમજ લોકસેવક શ્રી ગુણવંતભાઈ વડોદરિયાના વરદ હસ્તે સંસ્થાના મેદાનમાં ધ્વજવંદન થયું.• ઍકસેલ ઈન્ડસ્ટ્રીઝનાં મુખ્ય સંચાલક શ્રી કાંતિસેન શ્રોફ મુંબઈ વિભાગના સ્કાઉટ કમિશનર પણ છે તેઓના વરદ હસ્તે એકસેલ ઈન્ડસ્ટ્રિઝમાં ધ્વજવંદન થયેલ. શિશુવિહાર સ્કાઉટ ટ્રુપે તેનું સંચાલન કરેલ.• ૧૫મી ઑગસ્ટે રાત્રીના ૮:૩૦ થી ૧૧:૩૦ વાર્તા લેખક તેમજ જાણીતા નાટયકાર શ્રી રામભાઈ ધામેલિયાએ નાટય તાલીમ વર્ગમાં તૈયાર કરેલ એક ત્રિઅંકી નાટક રજૂ કરેલ.

### ડિસેમ્બર

• શિશુવિહાર સંસ્થાએ સંવત ૨૦૪૫ના તેના સુવર્ણ જયન્તી વર્ષમાં આપણાં નાનકડાં બાલદેવો, ભૂલકાંઓ માટે બાલદેવવનની રચના કરવાનો દઢ સંકલ્પ કર્યો અને કામની શરૂઆત કરી દીધી. શિશુવિહારનું ક્રીડાંગણ એક આદર્શ ક્રીડાંગણ છે તેમ આ બાલદેવવન પણ નાનકડાં, નિર્દોષ બાલદેવોનું આદર્શ સ્થળ બનશે. પૂજ્ય ચિદાનંદ સ્વામીના વરદ હસ્તે તા.૨૭-૧-૯૨એ તેનું ઉદઘાટન થયું છે. • ભાવનગર જિલ્લા સ્કા.ગા.સંઘનો ન.ચ ગાંધી મહિલા વિદ્યાલયમાં પ્રમાણપત્ર વિતરણ સમારંભ યોજાઈ ગયો. જેમાં પ્રૌઢ શિક્ષણ, નેત્રયજ્ઞ તથા ૧૫મી ઑગસ્ટે યોજાયેલ પ્રવેશ પ્રથમ સોપાન કસોટીના ઈનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સ્કાઉટ કમિશનરશ્રી એન. એફ. ત્રિવેદી સાહેબે અને ગાઈડ કમિશનરશ્રી હંસાબહેન ત્રિવેદીએ પણ હાજરી આપી હતી.

**•સ્કાઉટિંગની પ્રવૃત્તિના આદ્યસ્થાપક બેડન પોવેલનો અંતિમ સંદેશ: વહાલાં બાલવીરો! મારા આ અંતિમ સંદેશ પર વિચાર કરજો. મારું જીવન અત્યંત સુખમય રહ્યું છે. તમારા સૌનું જીવન પણ તેવું જ બની રહો. હું માનું છું કે ઈશ્વરે આ સંસારમાં સુખી બનવા અને જીવનને માણવા આપણને મોકલ્યાં છે સુખ ધનમાં કે માત્ર સફળતાઓમાં નથી સમાયેલું. સુખ તરફ આગળ વધવાનું એક સોપાન એ છે કે, બચપણથી જ તમારી જાતને મજબૂત અને તંદુરસ્ત બનાવો. જેથી નવજુવાન અને પ્રૌઢ બનો ત્યારે શરીર સંપતિ ઉપયોગી બને અને જીવનનો આનંદ પ્રાપ્ત થાય. દરેક વસ્તુની સારી બાજુ જુઓ, ખરાબ નહીં. સુખ પ્રાપ્તિનો સાચો માર્ગ બીજાને સુખી કરવાનો છે. આ સંસાર જે સ્થિતિમાં પ્રાપ્ત થયો છે તેના કરતાં વધારે સારી સ્થિતિમાં છોડી જવાનો પ્રયત્ન કરો. જીવનની અંતિમ પળોએ તમને તમારા જીવન માટે ગૌરવ થાય, જીવન શ્રેષ્ઠતમ સદુપયોગી થાય અને પ્રસન્નતાથી મૃત્યુને ભેટી શકો તે રીતે જીવન જીવો. ઈશ્વર તેમ કરવામાં તમને સહાયરૂપ બનો.**



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

પરામર્શ સમિતિ: સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, ભાવનાબહેન પંડયા, હીનાબહેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN:364001. (GUJARAT) INDIA